પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૫ | ૨૬ માર્ચ, ૨૦૧૮, સોમવાર ; ચૈત્ર સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### ડોકલામ પર ચાંપતી નજર : સેના

ડોકલામમાં ચીન તરફથી મળી રહેલા પડકારોને લઈને ભારતના સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારમણે કહ્યું હતું કે, સેના ડોકલામમાં દરેક હલચલનું મુસ્તેદી પૂર્વક નિરિક્ષણ કરી રહી છે. ભારતીય સેના અહીં કોઈ પણ પ્રકારના પડકારનો સામનો કરવા માટે તૈયાર છે.


### ભાવ સાંભળી ચિદમ્બરમે ઓર્ડર કેન્સલ કર્યો

મોંઘવારીની અસર જાણે ભૂતપૂર્વ કેન્દ્રીય નાણાં મંત્રી પી ચિદમ્બરમ પર પણ થઈ હોય તેવું લાગે છે. કોંગ્રેસ નેતાએ એરપોર્ટ પર ચા અને કોફીનો ભાવ સાંભળીને ઓર્ડર જ કેન્સલ કરી દીધો હતો. આ મામલે ચિદમ્બરમે ટ્વિટ કરીને જણાવ્યું હતું કે, – કોફી અને ચાની કિંમત સાંભળીને જ હું ડરી ગયો. ૧૩૫ રૂપિયાની ચા અને ૧૮૦ રૂપિયાની કોફી.

# યુપીમાં મિશન ક્લીન : ૨૪ કલાકમાં સાત એન્કાઉન્ટર

**કુખ્યાત શખ્સોમાં ભય : પશ્ચિમી યુપીમાં કાર્યવાહી કરાઈ : યૂપી પોલીસે એન્કાઉન્ટરમાં ૧ લાખના ઈનામવાળા બદમાશ શ્રવણ ચૌધરીને ઠાર કર્યો**

**મુઝફ્ફરનગર, સહારનપુર અને ગાઝિયાબાદમાં પોલીસે અને બદમાશો વચ્ચે ઘર્ષણ : પોલીસે અત્યાર સુધીમાં ૪૪ ઈનામી બદમાશોને ઠાર કર્યા**



નવી દિલ્હી,તા. ૨૫

ઉત્તરપ્રદેશમાં યોગી સરકાર આવ્યા બાદથી ઉત્તર પ્રદેશ પોલીસે અનેક એન્કાઉન્ટરોને અંજામ આપ્યા છે. છેલ્લા કેટલાક દિવસથી એન્કાઉન્ટરોને લઈને અહેવાલ આવી રહ્યા ન હતા. હવે ફરી એકવાર એન્કાઉન્ટરના અહેવાલ આવ્યા છે. શનિવાર અને રવિવારના દિવસે ઉત્તર પ્રદેશ પોલીસે અનેક એન્કાઉન્ટરોને પાર પાડીને પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં ચકચાર જગાવી દીધી છે. કાયદો અને વ્યવસ્થાનો યોગ્યરીતે બનાવવા માટેના પ્રયાસ થઈ રહ્યા છે. અસામાજિક તત્વોમાં દહેશત એવી ફેલાઈ ગઈ છે કે, આ લોકો જાહેરમાં ભરવાના બદલે જેલમાં પોતાને વધારે સુરક્ષિત ગણી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ઉત્તર પ્રદેશ પોલીસે પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં સાત એન્કાઉન્ટર કર્યા છે. ગૌત્તમબુદ્ધનગરમાં ત્રણ એન્કાઉન્ટર કર્યા છે. નોઈડા ફેઝ-૩માં એક, દાદલીમાં એક અને દંનકોરમાં એક એન્કાઉન્ટર કરવામાં આવ્યું છે. ગાઝિયાબાદમાં બે એન્કાઉન્ટર કરવામાં આવ્યા છે. સહારનપુર અને મુઝફ્ફરનગરમાં પણ આવા એન્કાઉન્ટરો કરવામાં આવ્યા છે. નોઈડાના ફેઝ-૩ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અથડામણમાં જે કુખ્યાત શખ્સ શ્રવણ ચૌધરી ઠાર કરાયો છે તેના ઉપર એક લાખ રૂપિયાનું

● અનુસંધાન પાન-૭ પર

## લશ્કરે તોઈબાનું મોટું નેટવર્ક પકડાયું : ૧૦ શંકાસ્પદ પકડાયા

નવી દિલ્હી,તા. ૨૫

આતંકવાદીઓને નાણા ઉપલબ્ધ કરાવવાના મામલામાં ઉત્તરપ્રદેશ એટીએસે પાટનગર લખનૌ સહિત રાજ્યના અનેક જિલ્લાોમાં દરોડા પાડીને ૧૦ કુખ્યાત શખ્સોની ધરપકડ કરી લીધી છે. લશ્કરે તોઈબાના મોટા નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. ટેરર ફંડિંગનું નેટવર્ક ચાલી રહ્યું હતું. તમામના સંબંધ પાકિસ્તાનના ત્રાસવાદી સંગઠન લશ્કરે તોઈબા સાથે હોવાના અહેવાલ મળ્યા છે. આ બેંક ખાતાઓમાંથી ૧૦ કરોડ રૂપિયાની લેવડદેવડ કરવામાં આવી હતી. આ નાણા નેપાળ, પાકિસ્તાન અને કતારના રસ્તે મોકલવામાં આવ્યા હતા. પાકિસ્તાનમાં બેઠેલા આતંકવાદી આ સમગ્ર પ્રક્રિયા નિયંત્રિત કરી રહ્યા હતા. એટીએસના આઈજી અસીમ અરુણે કહ્યું છે કે, પૈસાના સપ્લાયના ગેરકાયદે નેટવર્ક અંગે માહિતી

● અનુસંધાન પાન-૭ પર

## સ્મિથ પર એક ટેસ્ટ મેચનો પ્રતિબંધ, ૧૦૦ ટકાનો દંડ

કેપટાઉન, તા. ૨૫

બોલ સાથે ચેડાના મામલામાં ફસાયેલા સ્ટિવ સ્મિથ અને ડેવિડ વોર્નર તથા ઓસ્ટ્રેલિયાના અન્ય ખેલાડીઓની વ્યાપક ટીકા ચારેબાજુ થઈ રહી છે ત્યારે આ મામલામાં ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે પણ ગંભીર નોંધ લીધી છે. ઓસ્ટ્રેલિયાના કેપ્ટન સ્ટિવ સ્મિથ અને કેનરુન બેનક્રોફ્ટને દોષિત ગણ્યા છે. આઈસીસીએ સ્ટિવ સ્મિથને એક ટેસ્ટ મેચ માટે સસ્પેન્ડ કરી દીધો છે. સાથે સાથે ૧૦૦ ટકા મેચ ફીનો દંડ કરવામાં આવ્યો છે. જ્યારે કેમરુન બેનક્રોફ્ટ ઉપર ૭૫ ટકાનો દંડ કરવામાં આવ્યો છે. ઓસ્ટ્રેલિયન ટીમના ખેલાડી બેનક્રોફ્ટને શનિવારના દિવસે કેપટાઉન ટેસ્ટમાં કોઈ પીળા રંગની ચીજ સાથે બોલ સાથે ચેડા કરતા કેમેરામાં જોવામાં આવ્યો હતો. આ ઘટનાની નોંધ લેવાયા બાદ સ્ટિવ સ્મિથે મિડિયા સમક્ષ આવીને કબૂલાત કરી હતી કે, બોલ સાથે ચેડા ભુલથી થયા નથી પરંતુ ગેમ પ્લાનના હિસ્સા તરીકે આ ચેડા કરાયા હતા. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ પણ આક્રમક વલણ અપનાવીને બંને સામે કાર્યવાહી કરી છે.

# સ્મિથ અને સાથીના બોલ સાથે ચેડા

**વિશ્વ ક્રિકેટમાં ખળભળાટ : કેમેરામાં કેદ થતાં સ્મિથ અને વોર્નરની હોદ્દા પરથી હકાલપટ્ટી : કેપ્ટન તરીકે સ્મિથને અને વાઇસ કેપ્ટન તરીકે ડેવિડ વોર્નરને તરત રાજીનામુ આપવાની ફરજ : ટીમ પેન કેપ્ટન**




કેપટાઉન, તા. ૨૫

વિશ્વ ક્રિકેટમાં બોલ સાથે ચેડા કરવાને લઈને વિવાદ ફરી એકવાર સપાટી ઉપર આવી જતાં ખળભળાટ મચી ગયો છે. કરોડો ક્રિકેટ ચાહકો આઘાતમાં ગરકાવ થઈ ગયા છે. કારણ કે દુનિયાના બે દિગ્ગજ બેટ્સમેનો ઓસ્ટ્રેલિયાના કેપ્ટન સ્ટિવ સ્મિથ અને વાઈસ કેપ્ટન ડેવિડ વોર્નર આ મામલામાં ફસાયા છે. ગુનાની કબૂલાત કરી લીધા બાદ ઓસ્ટ્રેલિયાએ તરત કાર્યવાહી કરીને સ્ટિવ સ્મિથ અને ડેવિડ વોર્નરને કેપ્ટન અને વાઈસ કેપ્ટન પદેથી પડતા મુકી દીધા છે. બંનેની પાસેથી ક્રમશઃ કેપ્ટનશીપ અને વાઈસ કેપ્ટનશીપ લઈ લેવામાં આવી છે. આની સાથે જ દક્ષિણ આફ્રિકામાં રમાનાર ચાર ટેસ્ટ

● અનુસંધાન પાન-૭ પર

## મા-બાપને હેરાન કર્યા તો મિલકત પરત કરવી પડશે

ન્યુ દિલ્હી,તા.૨૫

મા-બાપને હેરાની કરીને મિલકત પોતાના નામે કરાવી દીધા બાદ એમનો સાથ છોડી દેનાર છોકરાઓ પર કેન્દ્ર સરકાર કડક વલણ અપનાવા જઈ રહી છે. આવા કેસમાં માત્ર એક ફરીયાદ પર બાળકોને મિલકત મા બાપને પરત કરવી પડશે.

સૂત્ર દ્વારા મળતી માહિતી અનુસાર સતત આવી ફરિયાદ મળતી હતી જેમાં છોકરાઓ મિકલત પોતાને નામે કરાવ્યા બાદ વૃદ્ધ માતા પિતાને ઘરની બહાર નિકાળી દીધા છે. આવા કેસોને રોકવા માટે કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ચંદ ગહોલોતે અધિકારીઓને અધિનિયમમાં ફેરફાર કરવાના નિર્દેશ આપ્યા હતા. સૂત્રોએ જણાવ્યું કે મંત્રાલય તરફથી અધિનિયમમાં સંશોધનને અંતિમ રૂપ આપવામાં આવી ચૂક્યું છે. જલ્દીથી એને કેબિનેટમાં રમૂકવામાં આવશે, જ્યાંથી મંજૂરી બાદ એને રાજ્યોમાં મોકલી દેવામાં આવશે. આ કાયદાને લાગૂ કરવાની જવાબદારી રાજ્યોની હશે.

મા બાપને જીવન નિર્વાહ માટે છોકરાઓ તરફથી આપવામાં આવતી દર મહિને નાણાંકીય મદદની સીમા પણ હટાવી દેવામાં આવશે. બિનસરકારી સંગઠને ૨૦૧૪માં જારી કરેલા પોતાના રિપોર્ટમાં ખુલાસો કર્યો હતો કે ભારતમાં ૧૦ કરોડથી વધારે વૃદ્ધ લોકો રહે છે. એમાંથી આશરે ૧ કરોડ લોકોને એમના જ બાળકોએ સંપત્તિ વિવાદના કારણે ઘરની બહાર નિકાળી દેવામાં આવ્યા છે.

## ભારતીય ક્રિકેટર મોહમ્મદ સામીની કારને અકસ્માત

**સામીની કાર ટ્રક સાથે ટકરાતા અકસ્માત સર્જાયો માથામાં ઈજા થતાં સાત ટાંકા લેવાની ફરજ પડી**




નવી દિલ્હી,તા. ૨૫

ટીમ ઈન્ડિયાના ઝડપી બોલર મોહમ્મદ સમીને આજે કાર દુર્ઘટનામાં ઈજા થઈ હતી. આ અકસ્માતમાં તેના માથામાં ઈજા થઈ હતી જેના પરિણામ સ્વરુપે માથામાં ટાંકા લેવામાં આવ્યા છે. હાલમાં તેની તબિયત સારી છે. તબીબોએ મોહમ્મદ સમીને આરામ કરવાની સલાહ આપી છે. સમીની કાર એક ટ્રક સાથે અથડાઈ ગઈ હતી. સમી ક્રિકેટ પ્રેક્ટિસ માટે શુક્રવારના દિવસે દહેરાદૂન ગયો હતો. ત્યાં અભિમન્યુ ક્રિકેટ એકેડેમીમાં પ્રેક્ટિસ કરવા માટે પહોંચ્યો હતો. ક્રિકેટ ટ્રેનિંગને પૂર્ણ કરીને સમી દિલ્હી પરત ફરી રહ્યો હતો. આ ગાળા દરમિયાન તેની કાર દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી. અભિમન્યુ ક્રિકેટ એકેડેમી બંગાળના બેટ્સમેન અભિમન્યુ ઈશ્વર દ્વારા ચલાવવામાં આવે છે. સમીને દહેરાદૂનના શાંત માહોલમાં રહીને પ્રેક્ટિસ કરવાનું પસંદ છે. થોડાક દિવસ પહેલા જ તેની અંગત લાઈફને લઈને ઉથલપાથલ રહી હતી. આવી સ્થિતિમાં તે અંગત સમસ્યામાંથી બહાર નિકળવા શાંત જગ્યાએ આવીને ક્રિકેટ ટ્રેનિંગ પૂર્ણ કરી રહ્યો હતો. મોહમ્મદ સમી આ વખતે આઈપીએલમાં દિલ્હી ડેરડેવિલ્સ તરફથી મેદાનમાં ઉતરનાર છે. પોતાની ટીમ સથે જોડાઈ જતાં પહેલા તે પોતાને શારીરિક અને માનસિકરીતે તૈયાર કરવા માટે અહીં આવ્યો હતો. ટીમ ઈન્ડિયાના ઝડપી બોલર સમી માટે છેલ્લા થોડાક દિવસો ખરાબ સપના સમાન રહ્યા છે. સમીની પત્નિએ તેના પર વ્યાભિચારના આક્ષેપો મુક્યા છે. સાથે સાથે ફિક્સિંગના આક્ષેપો પણ મુક્યા છે. બોર્ડથી કોન્ટ્રાક્ટ મળી ગયા બાદ થોડીક રાહત સમીને થઈ છે તે ફરી એકવાર મેદાનમાં ઉતરીને જોરદાર દેખાવ કરવા માટે સજ્જ છે. તેના અકસ્માતના સમાચારથી ભારે ચર્ચા જોવા મળી હતી.

## ‘મેક ઈન ઈન્ડિયા’ અભિયાનથી ડૉ. બાબા સાહેબ આંબેડકરનું સપનું પરિપૂર્ણ થશે : મોદી

નવીદિલ્હી, તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મન કી બાત મારફતે જુદા જુદા વિષયો ઉપર વાત કરી હતી. મોદીએ ખેડૂતોથી લઈને લોકો આરોગ્ય સાથે જોડાયેલા વિષય ઉપર વાત કરી હતી તેમણે ઉમેર્યું હતું કે, મેક ઈન ઈન્ડિયા મારફતે બાબા સાહેબ આંબેડકરના સપના પૂર્ણ થઈ રહ્યા છે. મેક ઈન ઈન્ડિયાને વિઝન સાથે જોડીને મોદીએ કહ્યું હતું કે, આજે દેશમાં મેક ઈન ઈન્ડિયા અભિયાન સફળતાપૂર્વક જારી છે. આંબેડકરે ઔદ્યોગિક શક્તિ તરીકે ભારત માટે સપનું જોયુ હતું. તેમના વિઝન અમારા માટે પ્રેરણા સમાન બની ગયા છે. મોદીએ કહ્યું હતું કે, આજે ભારત વૈશ્વિક અર્થ વ્યવસ્થામાં એક્ બ્રાઈટ સ્પોટ તરકે ઉભર્યું છે. સમગ્ર વિશ્વની નજર ભારત ઉપર કેન્દ્રિત છે. સમગ્ર વિશ્વમાં સૌથી વધારે પ્રત્યક્ષ મૂડીરોકાણ ભારતમાં આવી રહ્યું છે. સમગ્ર વિશ્વ ભારતને મૂડીરોકાણ, ઈનોવેશન અને વિકાસના હબ તરીકે જુએ છે. મન કી બાત કાર્યક્રમ મારફતે મોદીએ વિરોધ પક્ષોની પણ ઝાટકણી કાઢી હતી. સાથે સાથે ભારતીય

● અનુસંધાન પાન-૭ પર

## બડગામમાં સેના-આતંકીઓ વચ્ચે અથડામણ : એક આતંકી ઠાર

શ્રીનગર,તા. ૨૫

જમ્મુ-કાશ્મીરના બડગામ જિલ્લામાં રવિવાર સવારે સુરક્ષાબળો અને આતંકીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. સુરક્ષાબળોએ આ અથડામણમાં એક આતંકીને ઠાર કરી દીધો છે. જ્યારે એક નાગરિક ઘાયલ થયાના સમાચાર પણ છે. એનકાઉન્ટર હજુ પણ ચાલુ છે. આપને જણાવી દઈએ કે ખીણમાં સેનાની તરફથી મોટાપાયા પર સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. સર્ચ ઓપરેશન દરમ્યાન જ સુરક્ષાબળોએ આ આતંકીઓને ઘેરી લીધા હતા. મૃત્યુ પામેલ આતંકી કયા સંગઠનનો છે તે હજુ જાણી શકાયું નથી. આ રીતે છેલ્લાં ૪ દિવસમાં સિક્યોરિટી ફોર્સે કાશ્મીરમાં ૮ ટેરરિસ્ટને ઠાર કર્યાં છે.

## મહારાષ્ટ્રની પાવર કંપનીએ આઠ મહિનામાં ૫૭ હજાર જોડાણ કાપ્યા

મુંબઈ,તા.૨૫

ગેરકાયદે પાવર કનેક્શન સામેની મોટી ઝુંબેશમાં મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડએ છેલ્લાં આઠ મહિનામાં મુંબ્રા અને શીલ વિસ્તારના આશરે ૫૭,૦૦૦ વીજળીના જોડાણ કાયમી રીતે કાપી નાખ્યા હતા. અત્યાર સુધીની આ સૌથી મોટી ઝુંબેશ છે.

ઑગસ્ટ ૨૦૧૭થી કંપનીએ ૧,૩૬૪ વીજ ચોરીના કિસ્સા પકડ્યા હતા અને ૧.૭ કરોડ રૂપિયા દંડ પેટે વસૂલ કર્યા હતા. ૨૦૦૦ ગ્રાહકોએ પોતાનું વીજ કનેક્શન ચાલુ રાખવા વીજ બિલની રકમ ભરવાનું નક્કી કરતા તેમની પાસેથી બાકી લેણાં નીકળતા ૩૦૦ કરોડ રૂપિયા પણ વસૂલ કરવામાં આવ્યા હતા.

મુંબ્રા અને શીલ વિસ્તારમાં અમને વીજ ચોરીને લીધે ઘણું નુક્સાન જતું હતું, તેથી અમે ખાસ ઝુંબેશ ચાલુ કરી હતી. અમે વીજ ચોરીના ૧,૩૬૪ કેસો પકડ્યા હતા અને ૧.૯૫ કરોડ રૂપિયા દંડ પેટે વસૂલ કર્યા હતા.





